અપીલ અરજી નં.૭૪ તા.૨૬–૬–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૨–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧/૩૯૨૫ બડેખા ચકલા રોડ ખાતે આવેલી મિલ્કત જર્જરીત અને ગંદકી બાબતે કરેલ રજુઆત સંદર્ભે કરેલ કાર્યવાહીની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–(૧)*** અરજદાર મજકુરની તા.૨૬–૬–'૦૮ ની અપીલ અરજી નં.૭૪/–૦૮–૦૯
(૨) અરજદારને માહિતી પુરી પાડતો આપનો પત્ર સે.ઝોન/૨૩૭ તા.૩૧–૫–૦૮

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૨–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧/૩૯૨૫ બડેખા ચકલા રોડ ખાતે આવેલી મિલ્કત જર્જરીત અને ગંદકી બાબતે કરેલ રજુઆત સંદર્ભે કરેલ કાર્યવાહીની માહિતી સ્થળ તપાસ આધારિત માંગવામાં આવેલ પરંતુ ફકત નોટીસ ચોટાડી માહિતી આપી માથાનો ભાર ઉતારેલ છે. તેવું જણાવી સંદર્ભ (૨) થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં કોઈ વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૧ તા.૨–૭–૦૮થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફરેમશન સે.ઝોન/આ. ૪૦૪ તા.૧૧–૭–૦૮ થી નોંધ વિભાગની પૂરક વિગતો અત્રેના વિભાગને પૂરી પાડેલ છે.

અરજદારની અરજી વહીવટી કાર્યવાહી અંગેની જણાય છે અને તે કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ છે. આથી કાર્યવાહી થયા બાદ માહિતી આપી શકાય તે મુજબ અરજદારને વોર્ડ નં.૧ નોંધ નં.૩૯૨૫ વાળી મિલ્કત અંગે થયેલ કાર્યવાહીની જાણ અરજદારને આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ.નં .૨૩૭ તા.૩૧–૫–૦૮ થી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૫–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી જર્જરીત મિલ્કત વોર્ડ નં.૧ નોંધ નં.૩૯૨૫ અંગે થયેલ કાર્યવાહીની જાણ અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ તેમની સદર અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતી નથી.

અરજદાર નાગરિક સુવિધાલક્ષી ફરીયાદના નિકાલ અંગે સક્ષમ સત્તાધિકારોની ખાતાકીય રીતે સંપર્ક કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામ મેમણ,ચોક બજાર,